**ક્રિમીનલ કેસ નં. ૪૯૬૧૯/૨૦૨૫**

**<u>:: આંક–૦૧ નીચે હુકમ ::</u>**

**(૧)** આ કેસ પેપર્સ ધ્યાને લીધા, તપાસ કરનાર અમલદાર ધ્વારા તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ (ન્યુ) કલમ–૬૬(૧)(બી),૮૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે. આરોપી પર કલમ 66(1)(b) અને 85(1) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસ ડિસેમ્બર, 2016 માં અમલમાં આવેલી નવી સુધારણા પછી દાખલ કરવામાં આવ્યો છે. નવી સુધારણા હેઠળ, કલમ 85 માં સુધારો કરવામાં આવ્યો છે જે નીચે મુજબ છે:

જે કોઈ જાહેર સ્થળે, શેરીમાં, જાહેર જગ્યાએ, અથવા જાહેર જનતાને પ્રવેશની પરવાનગી હોય તેવા કોઈ પણ સ્થળે નશાની હાલતમાં હોય, ઝઘડો કરે, અપશબ્દો બોલે, અન્ય લોકો સાથે ઝઘડો કરે, કોઈ સ્ત્રી સાથે અયોગ્ય વર્તન કરે અથવા અભદ્ર વર્તન કરે, તે દોષિત ઠરવા પર ઓછામાં ઓછા એક વર્ષ અને વધુમાં વધુ ત્રણ વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

કાયદાની ઉપરોક્ત જોગવાઈને ધ્યાનમાં લેતા, હાલની ફરિયાદમાં આરોપી દવારા નશો કરી ઝઘડો કરેલ કે અપશબ્દ બોલેલા હોય અથવા કોઈ સ્ત્રી સાથે અયોગ્ય વર્તન કરેલ હોય તેવી કોઈ રજૂઆત જણાવેલ નથી.જેથી કલમ 85(1) મુજબનો ગુન્હો પ્રથમ દષ્ટ્રીએ બનેલ હોવાનું જણાય આવતું ન હોય આરોપીને કલમ ૮૫(૧) મુજબના ગુન્હામાં બિનત્હોમત છોડી મુકવામાં આવે છે.તે સંજોગોમાં કલમ ૬૬(૧)(બી) મુજબના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેવાની રહે છે.

**(૨)** સી.આર.પી.સી.કલમ–૪ મુજબ ભારતની ફોજદારી અધિનિયમ અને બીજા કાયદા અન્વયેના ગુનાઓની ઈન્સાફી કાર્યવાહી બાબતે જણાવવામાં આવે છે અને કલમ–૪(૨) મુજબ બીજા કોઈ કાયદા અન્વયેના તમામ ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી જો બીજા કાયદામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે મુજબ અન્યથા સી.આર.પી.સી.ની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

– ગુનાઓની પોલીસ તપાસ, તપાસ, ઈન્સાફી કાર્યવાહી અને અન્ય કાર્યવાહી બાબતે મોટર વ્હીકલ

અધિનિયમમાં કોઈ સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ નથી. આથી, સી.આર.પી.સી કલમ–૪(૨) મુજબ સી.આર.પી.સી. ની જોગવાઈઓ અનુસરવાની રહે છે.

– સાથે સાથે પ્રોહીબીશન એક્ટ (ન્યુ) કલમ–૬૬(૧)(બી),૮૫ ની જોગવાઈ જોવામાં આવે તો તેમાં પણ પ્રથમ ગુના માટે છ મહિના સુધીની કેદની સજા અને રૂા.૧૦૦૦/– દંડની જોગવાઈ છે. પ્રોહીબીશન એક્ટમાં સને ૨૦૧૬ માં સુધારો કરવામાં આવ્યો ત્યારે પ્રોહીબીશન એક્ટની કલમ–૧૧૮ રદ કરવામાં આવેલ છે. રદ થયેલી કલમ–૧૧૮ માં એવી જોગવાઈ હતી કે “આ અધિનીયમમાં વિરૂધ્ધની કોઈ જોગવાઈ ન હોય ત્યારે પોલીસ અધિકારના ગુના અંગેની ફોજદારી કાર્યરીતી અધિનીયમ, ૧૮૯૮ ની જોગવાઈ આ અધિનીયમ હેઠળના ગુનાઓને લાગુ પડશે.” આમ, જૂના પ્રોહીબીશન એક્ટમાં કલમ– ૧૧૮ મુજબ આ કાયદા અન્વયેના ગુનાઓ પોલીસ અધિકારનાએટલે કે કોગ્નીઝેબલ ગુના હતા. આ કલમ–૧૧૮ રદ થવાથી આ જોગવાઈ નાબુદ થાય છે. જેથી પ્રોહીબીશન એક્ટ (ન્યુ) માં કલમ–૬૬(૧)(બી),૮૫ ના ગુનામાં ઈન્સાફી કાર્યવાહી કેવી રીતે ચલાવવી તે અંગે જોગવાઈ ન હોવાથી સી.આર.પી.સી.ના શિડયુલ–૧ ના બીજા પાર્ટમાં જણાવેલ જોગવાઈ અત્રેના કેસમાં લાગુ પડશે. શિડયુલ–૧ ના પાર્ટ–૨ માં જણાવેલ છે કે કોઈપણ ગુનો ત્રણ વર્ષથી ઓછી સજાને પાત્ર હોય તો તે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાશે. હાલના કિસ્સામાં આરોપી સામે મહત્તમ છ માસની સજાની જોગવાઈ છે જેથી પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી) નો ગુનો એન.સી. ગુનો ગણાય.

પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી),૮૫ મુજબના ગુના બાબતે કરવામાં આવેલી સજાની જોગવાઈ સાથે સી.આર.પી.સી. શેડયુલ–૧ ના ભાગ–૨ ના ક્રમાંક નંબર–૩ માં કરવામાં આવેલ જોગવાઈ ધ્યાને લેતા આ સ્પષ્ટ પણે નોન–કોગ્નીઝેબલ ગુનો ગણાય. નોન–કોગ્નીઝેબલ ગુના બાબતે સી.આર.પી.સી કલમ–૧૫૫(૨)માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. પોલીસ ધ્વારા કરવામાં આવેલ આવા ચાર્જશીટને ફરિયાદ તરીકે પણ ટ્રીટ કરી શકાય નહી એવા સ્પષ્ટ રીતે ન્યાયીક અવલોકનો કરી નિર્ણયો કરેલ છે.

(૩) <u>નામદાર સુપ્રિમ કોર્ટે, તીલકનગર ઈન્ડ્રીસ્ટ્રીસ લીમીટેડ વિરૂધ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય</u> ૨૦૧૧ (૧૫)

એસ.સી.સી.૫૭૧, <u>કેશવલાલ ઠાકુર વિરૂધ્ધ બિહાર રાજય</u> ૧૯૯૬(૪) ક્રાઈમસ (સુપ્રિમ કોર્ટ)૧૨૧ તેમજ <u>નામદાર હાઈકોર્ટોએ</u>, <u>મણીચંદ વિરૂધ્ધ રાજય</u> ૧૯૯૯ ક્રિ.લો.જ.(દિલ્લી) ૧૫૧૨, <u>એસ.મસ્થાન સાહેબ વિરૂધ્ધ પી.એસ.આર.અંજાને ચેલ્લુ</u> ૨૦૦૩ ક્રિ.લો.જ.૨૪૮, <u>અરૂણકુમાર ભાર્ગવ વિરૂધ્ધ મધ્યપ્રદેશ રાજય</u> ૨૦૦૨ ક્રિ.લો. જ.૨૧, <u>અવિનાશ મધુકર મુખેડકર વિરૂધ્ધ રાજય</u> ૧૯૮૩ ક્રિ.લો.જ.૧૮૩૩, <u>પ્રભાકર પાન્ડુરંગ સાંજગીરી વિરૂધ્ધ મહારાષ્ટ્ર રાજય</u> ૧૯૮૬(૧) ક્રાઈમસ (બોમ્બે)૧૬૮, <u>શિવાનંદ ગીરધર નાઈક વિરૂધ્ધ સબ ઈન્સ્પેકટર પોલીસ</u> ૨૦૦૦ ક્રિ.લો.જ.૪૭૭૬ (બોમ્બે), <u>મનમથાગીરી વિરૂધ્ધ ઓરિસ્સા રાજય</u> ૨૦૦૨(૧) ક્રાઈમસ ૪૬૪ ના કેસોમાં નામદાર અદાલતોએ એવા સ્પષ્ટ ન્યાયીક અવલોકનો કરેલ છે કે, સી.આર.પી.સી.કલમ–૧૫૫(૨)માં કરવામાં આવેલી જોગવાઈ એ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ છે આથી આ જોગવાઈનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી આમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણાય છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. સી.આર.પી.સી કલમ–૪૬૧ મુજબની આ એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે કે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષીત બને છે.

(૪) પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી),૮૫ ના ગુનામાં સજાની જોગવાઈને ધ્યાને રાખતાં તે નોન–કોગ્નીઝેબલ ગુનો છે જેથી તે બાબતે સી.આર.પી.સી.કલમ–૧૫૫(૨)માં કરવામાં આવેલ જોગવાઈ મુજબની યોગ્ય પરવાનગી લીધા વગર જો તપાસ કરવામાં આવે તો આવી તપાસ ગેરકાયદેસર ગણાય છે. મેજીસ્ટ્રેટ આવા ગુના સબબ પોલીસ ચાર્જશીટના આધારે કોગ્નીઝન્સ લઈ શકે નહી. નોન–કોગ્નીઝેબલ ગુનો હોવા છતાં પોલીસ ધ્વારા શરૂઆતથી જ જાણે કોગ્નીઝેબલ ગુનાની જેમ સી.આર.પી.સી. કલમ–૧૫૪ અન્વયે એફ.આઈ.આર. દાખલ કરી, કોગ્નીઝેબલ ગુનાની જ તપાસ કરી, તપાસના અંતે અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ છે આથી આવા ચાર્જશીટને ફરિયાદ સી.આર.પી.સી કલમ–૨(ડી) તરીકે ટ્રીટ કરી શકાય નહી. સી.આર.પી.સી. કલમ–૧૫૫(૨) ની જોગવાઈ એ ફરજીયાત સ્વરૂપની જોગવાઈ હોવાથી તેનું પાલન કર્યા વગર પોલીસ ગુનાની તપાસ કરી શકે નહી આમ છતાં જો તપાસ કરવામાં આવે તો તે ગેરકાયદેસર છે, મેજીસ્ટ્રેટ આવા કેસમાં પોલીસ ચાર્જશીટના આધારે ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકે નહી આમ છતાં જો ગુનાનું કોગ્નીઝન્સ

લેવામાં આવે તો તે સી.આર.પી.સી કલમ–૪૬૧ મુજબની એવી ગેરકાયદેસરતાઓ ગણાય છે જેનાથી સમગ્ર કાર્યવાહી દુષીત બને છે આવા ગુનાનું કોગ્નીઝન્સ લઈ પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવે તો તે એબ્યુસ ઓફ પ્રોસેસ ગણાય, હકુમત વિહીન કાર્યવાહી બને આવી કાર્યવાહી શરૂઆતથી જ નિરર્થક (**void abinitio**) ગણાય છે આવી નિરર્થક કાર્યવાહી પાછળ અદાલતનો સમય વ્યતીત કરવો ન્યાયીક રીતે પણ યથા યોગ્ય ગણી શકાય નહી. આમ, આ તમામ કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લઈ આ કેસની કાર્યવાહી સી.આર.પી.સી કલમ–૨૫૮ મુજબ બંધ કરી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપીને ઉપર જણાવ્યા મુજબ કલમ ૮૫ મુજબના ગુન્હામાં બિનત્હોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ (ન્યુ) કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હાની કાર્યવાહી સી.આર.પી.સી.કલમ – ૨૫૮ અન્વયે બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ બાબતે વચગાળાના તબકકે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો આ હુકમથી કાયમ કરવામાં આવે છે, જો વચગાળા તબકકે કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો માલીકીની ખરાઈ કરીને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સમયમર્યાદાની જોગવાઈને આધિન રહી અધિકૃત ઓથોરીટી સી.આર.પી.સી કલમ–૩૦૦(૫) મુજબ આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

– હુકમ આજરોજ તારીખ–૧૩મી, માહે–ડિસેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

(લોક– અદાલત સ્પે. સીટીંગ)

તારીખ : ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ : રાજકોટ. ઈ/ચા

**(અજયકુમાર જીતેન્દ્રકુમાર સંઘવી)**
૧૮માએડી.સીનીયર સીવીલ જજ તથા
એડી.ચીફ જયુ.મેજી.,રાજકોટ
**U.I.C. NO. GJ01189**